# દાસી જીવણ લેખન

# અજવાળું હવે અજવાળું

અજવાળું, હવે અજવાળું
ગુરુ આજ તમ આવ્યે રે મારે અજવાળું.

સતગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો,
ભેટ્યા ભીમ ને ભાંગ્યું ભ્રમનું તાળું. - ગુરુ આજ

જ્ઞાન ગરીબી, સંતની સેવા,
પ્રેમભક્તિનો સંગ હવે પાળું. - ગુરુ આજ

$ખીમ ને $ભાણ રવિ રમતા રામા, તે
જ તત્વમાં ગુરુ, તમને ભાળું. - ગુરુ આજ

**દાસી જીવણ** સત ભીમનાં ચરણાં,
અવર દુજો ધણી નહીં ધારું . - ગુરુ આજ

( $= ગુરુઓના નામ )

# અમારામાં અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા રે

અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણા રે ;
ગુરુજી ! અમારા અવગુણ સામું મત જોય....
અમારામાં અવગુણ રે....૦

ગુરુજી મારો દીવો રે, ગુરુજી મારો દેવતા રે ;
ગુરુજી ! મારા પારસમણીને રે તોલ... અમારામાં૦

ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે ;
ગુરુજી અમારા કાશી અને છે કેદાર... અમારામાં૦

ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે ;
ઈ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર... અમારામાં૦

જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે ;
ઈ જાળીડાં જરણાં માંહેલો છે જાપ... અમારામાં૦

ભીમ ગુરુ શરણે રે દાસી જીવણ બોલીયા રે ;
દેજે અમને સંતચરણમાં વાસ... અમારામાં૦

# આવો રે મીઠુડા માવા

મારે મોલે આજ તો તમે, આવોને મીઠુડા માવા,
અનાડી ન થાવ પ્રભુ, ઓરે રા પધારો વાલા,
હૈયડામા લખ્યા તે હવે નહી દઉ જાવા. મારે

પિયુજી વિના મને પાણીડા ન ભાવે વાલા,
હવેે તો ભોજનના મારે થયા છે અભાવા. મારે

અરધી રેને મને વ્રજમા બોલાવે વાલા,
હવે હસ્યાના મારે થયા છે હેવા. મારે

ચકવાને સુખ જેવુ, રેનને સમયે વાલા,
તમ વિના દિન તો જાય છે એવા રે. મારે

દાસી જીવણ સત ભીમના ચરણા વાલા,
સન્મુખ દર્શન મને આવજો દેવા. મારે

# કલેજા કટારી રે વ્રેહની કટારી (કટારી)

કલેજા કટારી રે
વ્રેહની કટારી રે,
હે માડી ! મુંને માવે, લઈને મારી રે મારી...

વાંભુ ભરી મુજને મારી, વાલે મારે બહુ બળકારી,
એણે હાથુંથી હુલાવી રે... માડી ! મુંને૦

કટારીનો ઘા છે કારી, વાલીડે મારી છે ચોધારી,
ભીતર ઘા બહુ ભારી રે... માડી ! મુંને૦

જડી બુટી ઓખદ મૂળી, કેની એ ન લાગે કારી,
વૈદ ગિયા હારી રે, હકીમ ગિયા હારી રે... માડી ! મુંને૦

વ્રેહ તણી વેદના ભારી, ઘડીક ઘરમાં ને ઘડીક બા'રી,
મારી મીટુંમાં મોરારી રે... માડી ! મુંને૦

દાસી જીવણ ભીમને ભાળી, વારણાં લઉં વારી વારી,
આજ દાસીને દીવાળી રે, ખબરું લીધી હમારી રે... માડી ! મુંને૦

# કેમ કરીએ રે અમે કેમ કરીએ

કેમ કરીએ અમે કેમ કરીએ,
દવ લાગ્યો ડુંગરમા અમે કેમ કરીએ... કેમ કરીએ

નિરવરતીનુ મારે ન રહ્યું ઠેકાણું,
પરવરતીની અમે પાંખે વરીએ... કેમ કરીએ

ભાગુ તો મને ભૂમિ ન સુજે,
બેસી રહીએ તો અમે બળી મરીએ... કેમ કરીએ

સંસાર સાગર મહા જળ ભરીયો,
ગુરુજી તારે તો વાલા અમે તરીએ... કેમ કરીએ

સત શબ્દમા અમે સમજીને રહીએ,
કાળ ક્રોધને રે અમે પરહરીએ... કેમ કરીએ

દાસી જીવણ સત ભીમના ચરણા,
ગુરુજી મળે તો અરજુ કરીએ... કેમ કરીએ

# ગુરુ મારા સિંચોડો કીધો તમે સાબધો

મારા હૈયામા હરખ ન માય રે ગુરુજી મારા, ચિચોડો કીધો સાબદો
સાખી-સતસંગનો ચિચોડો માંડયો, માય શબ્દની શેરડી પીલાય,
રહસ્ય રૂપી રસ નીકળે, એની ભાવેથી કુડીયુ ભરાય. ગુરુ

સાખી-આ કાયા રૂપી કડા બનાવી, ઠીક કરી માણીગે ઠેરાય,
કુડ કપટના બળતણ બાળતા, એમા અનુભવ રસ ઉભરાય. ગુરુ

સાખી- ધરમ માય પડી રે ધુબકી, ગુણ રૂપી ગોળ પકવાય,
કબુધ્િધ રૂપી કામસ ઉતારવા, પ્રેમની પાવડી ફેરવાય. ગુરુ

સાખી- અનેક લોકો ગોળ ખાવા આવ્યા, આવીને ઉભા અખાડાની માય,
દાસી જીવણ સત ભીમના ચરણા, પછી મારા મનના માટલા ભરાય. ગુરુ

# જાવું છે જી, જાવું છે

જાવું છે, જી, – જાવું છે – જાવું છે જરૂર ! (ધ્રુ૦)

કાયા ત્હારી કામ ન આવે, ઝાંખું થાશે નુર;
એવા સરખા આથમી ગયા ઉગમતા અસુર ! જાવું૦

મ્હોટે ઘેર હાથી ઘોડા હળ અને હઝુર,
એવા સરખા વહી ગયા – નદીયોનાં પૂર ! જાવું૦

રહ્યા નથી, ર્‌હેશે નહી, રાજા ને મજુર ;
એવા સરખા ઉડી ગયા – આકડાનાં તુર ! જાવું૦

એકી સાથે જમતા હતા દાળ ને મસુર !
દાસ જીવણ ક્‌હે, કર જોડી, "ભજી લ્યો ભરપૂર !" જાવું૦

# જીવણ જીવને જ્યાં રાખીએ

જીવણ જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તૂરા રે,
ઝળહળ જ્યોતું ઝળહળે, વરસે નિરમળ નૂરા રે… જીવણ જીને૦

પાંચ તત્વ ને ત્રણ ગુણ છે, પચીસ પ્રકૃતિ વિચારી રે,
મંથન કરી લ્યો મૂળનાં, તત્વ લેજો એમાંથી તારી રે… જીવણ જીવને૦

ગંગા જમના ને સરસ્વતી રે, તરવેણી ને ઘાટે રે,
સુખમન સુરતા રાખીએ, વળગી રહીએ ઈ વાટે રે… જીવણ જીવને૦

અણી અગર પર એક છે, હેરો રમતાં રામા રે,
નિશ દિન નીરખો નેનમાં, સત પુરૂષ ઊભા સામા રે… જીવણ જીવને૦

અધર ઝણકારા હુઈ રિયા, કર વિન વાજાં વાગે રે,
સુરતા ધરીને તમે સાંભળો, ધૂન ગગનુંમાં ગાજે રે… જીવણ જીવને૦

એવી નુરત સૂરતની રે સાધના, પ્રેમીજન કોક પાવે રે,
અંધારું ટળે એનાં અંતરનું, નૂર એની નજરુંમાં આવે રે… જીવણ જીવને૦

આ રે સંદેશો સતલોકનો રે, ભીમદાસે ભેજ્યો રે,
પત્ર લખ્યો છે રે પ્રેમથી, જીવણ ! તમે લગનેથી લેજો રે… જીવણ જીવને૦

# જ્ઞાન ગણેશિયો

સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી,
જ્ઞાન ગણેશિયો ઘડાયો રે... સદગુરુએ મુંને૦

પવનરૂપી મેં તો ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે ;
ગંગા-જમનાના ઘાટ ઉલંઘી, જઈ અલખ ધીરે ધાયો રે... સદ્‌ગુરુએ મુંને૦

ધમણ ધમુંકે તિયાં વીજું ચમુંકે, અનહદ નોબત વાગે રે ;
ઠારોઠાર નિયાં જ્યોતું જલત હે, ચેતન ચોકી માં ય જાગે રે... સદ્‌ગુરુએ મુંને૦

સાંકડી શેરી નિયાં વાટું છે વસમી, માલમીએ મુંને મૂક્યો રે ;
નામની નિસરણી કીધી, જઈ ધણીને મોલે ઢૂંક્યો રે... સદ્‌ગુરુએ મુંને૦

શીલ-સંતોષનાં ખાતર દીધાં, પ્રેમે પેસારો કીધો રે ;
પેસતાં તો પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે... સદ્‌ગુરુએ મુંને૦

આ રે વેળા ચે હું ઘણું જ ખાટયો, માલ પૂરણ પાયો રે ;
દાસી જીવણ સંત ભીમનાં શરણાં, આજ મારો ફેરો ફાવ્યો રે... સદ્‌ગુરુએ મુંને૦

# ઝાલરી ઝાલરી ઝાલરી રે (ઝાલરી-2)

ઝાલરી ઝાલરી ઝાલરી ઝાલરી રે
ઝણઝણ વાગે છે ઝાલરી. ઝાલરી

ઈંગલા પીંગલા સુખમના સાધી લે,
માંઈ મેરમ સરખા દીસે છે માલમી. ઝાલરી

વિના દીપક એક જયોતી જલત હે,
માંઈ ખન ખન ખુબી દસે છે ખ્યાલરી. ઝાલરી

ઝીણે ઝીણેશ્વર ત્યા જલમલ જયોતી,
માંઈ તનનન વાગે છે ઝીણી હો તાલરી. ઝાલરી

દાસી જીવણ સત ભીમ કેર ચરણા,
નાથજીના નેડલે થઈ છુ ન્યાલરી. ઝાલરી

# દયા કરીને મુંને પ્રેમે પાયો (પ્યાલો)

પીધેલ છે ભરપૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર
દયા કરીને મને પ્રેમરસ પાયો, નેનુમેં આયા નૂર
પ્યાલો મેં પીધેલ છે ભરપૂર.

નૂરન સૂરતની સાન ઠેરાણી રે, બાજત ગગનામેં તૂર
રોમે રોમ રંગ લાગી રિયા તો નખશિખ પ્રગટ્યા નૂર. પ્યાલો...

સ્થાવર જંગમ જળ સ્થળ ભરિયો રે, ઘટમાં ચંદા ને સૂર
ઘટોઘટ માંહી રામ રમતા બીરાજે, દિલ હીણાથી રિયા દૂર. પ્યાલો....

ભાવે પ્રીતે જેને પૂરા નર ભેટિયા રે વરસત નિર્મળ નૂર
જે સમજ્યા સતગુરુની સાનમાં, ભર્યા રિયા ભરપૂર. પ્યાલો.....

ભીમ ભેટ્યા ને મારી ભે સરવે ભાંગી રે, હરદમ હાલ હજૂર
દાસી જીવણ સત ભીમના ચરણાં, પાયો તેને ચકનાચૂર. પ્યાલો.....

# દાસીને તેડી જાજો તમારા દેશમાં

દેશમાં રે દેશમાં

દાસી ને તેડી જાજો તમારા દેશમાં
દેશમાં રે દેશમાં

ધોળુડા વસ્ત્રો મારે અંગ રે વિરાજે
મારે ફરવું કાપડીઓના વેશમાં
વેશમાં રે વેશમાં

ખલકોને ટોપી મારે અંગ રે વિરાજે
મારે ફરવું અતિતોના વેશમાં
વેશમાં રે વેશમાં

લીલુડાં વસ્ત્રો મારે અંગ રે વિરાજે
મારે ફરવું અતિતોના વેશમાં
વેશમાં રે વેશમાં ફકિરોના

અપરાધી જીવડો તારે આશરે આવ્યો રે
લાખો ગુનહા સામે જોશ મા
જોશમા રે જોશમા

દાસી જીવણ કે સંત ભીમ કેરાં શરણાં
મારે રેવું સદા બાવાવેશમાં
વેશમાં રે વેશમાં

# દેખંદા કોઇ આ દલમાંય (ઝાલરી)

દેખંદા કોઇ આ દીલ માંય, ઝણણણ ઝણણણ ઝણ ઝાલર વાગે. ટેક.
બોલે બોલાવે સબ ઘટ બોલે, સબ ઘટમાં તો રહ્યો સમાય,
જીયાં જેવો તીયાં તેવો, થીર કરી થાણા દીયા ઠેરાય. ઝણણણ. ૧

નવે દરવાજા નવી રમતકા, દશમે મોહોલે ઓ દેખાય,
ઓઇ મેહેલમાં મેરમ બોલે, આપું ત્યાગે ઓ ઘર જાય. ઝણણણ. ૨

તાંત તાંત વિણ તુંબે, વીનાં મુખે મોરલી રે બજાય,
વિનાં દાંડીયે નોબત વાગે, એસાહે કોઇ વા ઘર જાય. ઝણણણ. ૩

ઓઇ દુકાને દડ દડ વાગે, કર વીન વાજાં અહોનીશ વાય,
વિનાં આરીસે આપાં સૂજે, વિનાં દિપકે જ્યોત ઝાય. ઝણણણ. ૪

જાપ અજંપા સો ઘર નાંય, ચંદ સૂર ત્યાં પોંચત નાંય,
સૂસમ ટેકથી સો ઘર જાય, આપ આપને દીયે ઓળખાય. ઝણણણ. ૫

અખર અજીતા અરજ સુણજો, અરજ સુણજો એક અવાજ,
દાસી જીવણ ભીમને ચરણે, મજરો માનો ગરીબ નિવાજ. ઝણણણ. ૬

# દોરંગા ભેળા રે નવ બેસીએ

એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ
એ જી એમાં પત રે પોતાની જાય રે હાં..
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં ગુરૂ ને ઘડીકમાં ચેલકા રે જી,
ઘડીમાં પીર રે થઈને પૂજાય રે હાં...
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીકમાં રંગ ચડે, ઘડીકમાં ઊતરે રે જી,
અને ઘડીકમાં ફટકિયાં થઈને ફૂલાય રે હાં..
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
ઘડીક ઘોડે ને ઘડીક પેગડે રે જી,
ઘડીમાં વાટુંના વેરાગી બની જાય રે હાં ...
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
કામી, ક્રોધી ને લોભી, લાલચુ રે,
એ જી ઈ તો પારકે દુઃખે ન દુખાય રે હાં...
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦
દાસી રે જીવણને ભીમ ગુરૂ ભેટિયા રે જી,
ગુરૂ મળ્યે લખ રે ચોરાશી ટળી જાય રે હાં...
એવા દોરંગા ભેળા રે નવ બેસીએ....૦

# પ્યાલો મેં પીધેલ છે ભરપૂર

પીધેલ છે ભરપૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર
દયા કરીને મને પ્રેમરસ પાયો, નેનુમેં આયા નૂર
પ્યાલો મેં પીધેલ છે ભરપૂર.

નૂરન સૂરતની સાન ઠેરાણી રે, બાજત ગગનામેં તૂર
રોમે રોમ રંગ લાગી રિયા તો નખશિખ પ્રગટ્યા નૂર. પ્યાલો...

સ્થાવર જંગમ જળ સ્થળ ભરિયો રે, ઘટમાં ચંદા ને સૂર
ઘટોઘટ માંહી રામ રમતા બીરાજે, દિલ હીણાથી રિયા દૂર. પ્યાલો....

ભાવે પ્રીતે જેને પૂરા નર ભેટિયા રે વરસત નિર્મળ નૂર
જે સમજ્યા સતગુરુની સાનમાં, ભર્યા રિયા ભરપૂર. પ્યાલો.....

ભીમ ભેટ્યા ને મારી ભે સરવે ભાંગી રે, હરદમ હાલ હજૂર
દાસી જીવણ સત ભીમના ચરણાં, પાયો તેને ચકનાચૂર. પ્યાલો....

# પ્રેમકટારી આરંપાર નિકસી મેરે નાથકી(કટારી-2)

પ્રેમ કટારી આરંપાર, નીકસી મેરે નાથકી,
ઓર કી હોય તો ઓખદ કીજે, હે હરિ કે હાથકી... પ્રેમ કટારી આરંપાર...૦

ચોધારીનો ઘાવ ન સૂઝે જોજો ઈ કોણ જાતકી !
આંખ વીંચી ઉઘાડી જોયું, વાર ન લાગી વાતકી... પ્રેમ કટારી આરંપાર...૦

સઈ ! મેં જોયું શામળા સામું, નિરખી કળા નાથકી,
વ્રેહ ને બાણે, પ્રીતે વીંધ્યા, ઘાવેડી બહુ ઘાતકી... પ્રેમ કટારી આરંપાર...૦

ઓખદ બુટી પ્રેમની સોઈ, જો પીવે કોઈ પાતકી,
રાત દિવસ ઈ રંગમાં ખેલે, એવી રમતું હે રઘુનાથકી... પ્રેમ કટારી આરંપાર...૦

દાસી જીવણ ભીમ પ્રતાપે, મટી ગઈ કુળ ભાતકી,
ચિતડાં હેર્યાં શામળે વાલે, ધરણીધરે ધાતકી... પ્રેમ કટારી આરંપાર...૦

# બંગલાનો બાંધનાર

આ બંગલાનો બાંધનાર કેવો મારા ભાઈ;
ભાડૂતી બંગલો કોણે રે બનાવ્યો ?...0

લોઢું નથી કાંઈ લાકડું નથી એમાં;
નથી ખીલા નથી ખીલીઓ મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

ઈંટો નથી કાંઈ ચૂનો રે નથી એમાં;
નથી સિમેન્ટ નથી રેતી મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

આ રે બંગલામાં દસ દસ દરવાજા;
નવસો નવાણું એમાં બારી મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

કડિયા-કારીગરની કારીગરી નથી એમાં;
પાણીની બનાવી હવેલી મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

બંગલો બનાવી માંહી જીવાભાઈ પધરાવ્યા;
નથી દેવું પડતું ભાડું મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

નટવર શેઠની નોટિસો રે આવી;
અમારે ચોપડે નથી નામું મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

ઊઠો જીવાભાઈ જમડા રે આવ્યા;
આ રે બંગલો કરો ખાલી મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

પાછું વાળી શું જુઓ છો જીવાભાઈ;
ખૂટી ગયાં અન્ન-જળ-પાણી મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

**દાસી જીવણ** જાઓ ગુરુજીને ચરણે;
તારશે પ્રેમનગરવાળો મારા ભાઈ...0 ભાડૂતી બંગલો

# ભજનનો વેપાર

કર મન ભજનનો વેપાર, ધણી તારા નામનો આધાર,
બેડલી ઉતારો ભવ પાર જી.

સરોવર જ્યારે ભર્યાં હતાં, ત્યાં પહેલી ન બાંધી પાળ જી,
આગળ નીર સૂકાઈ ગયાં, ત્યારે હાથ ઘસે શું થાય….. કર મન..

શેરી લગણ સુંદરી, ઝાંપા લગણ મા-બાપ જી,
તીર્થ સુધી બે બાંધવા, કોઈ ના'વે તારી સાથ….. કર મન.

હાડ જલે જેમ ગાંસડી ને, કેશ જલે જેમ ઘાસજી,
કે મન સરખી કાયા જલશે, લાગે નહીં પળ વાર…. કર મન.

આ રે કાયામાં કોણ સૂએ, કોણ જાગે ચોકીદાર ?
સૂરત જાગે, નુરત ઊંઘે, ચેતન ચોકીદાર…. કર મન.

હું ને મારું મૂકી દ્યોને, ખોટો આ સંસારજી,
દાસી જીવણ એણીપેરે બોલ્યા, પૂરો મનના કાજ…. કર મન.

# ભૂલ્યા ભટકો છો

ભૂલ્યા ભટકો છો બારે મારા હંસલા,
કેમ ઉતરશે પારે ? રે જી...
જડી હળદરને હાટ જ માંડયું, વધ પડયો વેમારે
સાવકાર થઈને ચડી ગિયો તું, માયાના એકારે... મારા હંસલા...
ભેખ લઈને ભંગવા પેર્યા, ભાર ઉપાડયો ભારે,
ઈમાન વિનાનો ઉપાડો જાશે, લખ ચોરાશી લારે... મારા હંસલા...
લોભાઈ રિયોને નજર ન રાખી, શીદ ચડયો તો શિકારે ?
માર્યા ન મંગલો, માંસ ન ભરખ્યો, હું મોહથી સંસારે... મારા હંસલા...
એકાર મન કર આત્મા, તું જોઈશે મનને વિચારે,
દાસી જીવણ સત ભીમને ચરણે, પરગટ કહું છું પોકારે... મારા હંસલા...

# મારે મોલે આવો રે મીઠુડા માવા

મારે મોલે આજ તો તમે, આવોને મીઠુડા માવા,
અનાડી ન થાવ પ્રભુ, ઓરે રા પધારો વાલા,
હૈયડામા લખ્યા તે હવે નહી દઉ જાવા. મારે

પિયુજી વિના મને પાણીડા ન ભાવે વાલા,
હવેે તો ભોજનના મારે થયા છે અભાવા. મારે

અરધી રેને મને વ્રજમા બોલાવે વાલા,
હવે હસ્યાના મારે થયા છે હેવા. મારે

ચકવાને સુખ જેવુ, રેનને સમયે વાલા,
તમ વિના દિન તો જાય છે એવા રે. મારે

દાસી જીવણ સત ભીમના ચરણા વાલા,
સન્મુખ દર્શન મને આવજો દેવા. મારે

# મૈયા મારો મનવો હુઓ રે બૈરાગી

મૈયા મારો મનવો હુઓ રે બૈરાગી,
મારી લઈ તો ભજનમાં લાગી રે... મૈયા૦

સંસાર ને સાર સર્વે વિસરીયો,
બેઠો રે સંસારીયો ત્યાગી રે... મૈયા૦

કામ ને કાજનું એ કાઢવા રે લાગે,
મનડાની મમતા જાગી રે... મૈયા૦

મંત્ર સજીવન શ્રવણે સાંભળીયો રે,
મુરલી મધુરી ધૂન વાગી રે... મૈયા૦

રાજ મોરાર ને રવિ ગુરૂ મળીયા,
ભક્તિ ચરણની માગી રે... મૈયા૦

# મોરલો મરતલોકમાં આવ્યો

મોર, તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો;
મોરલો મરતલોકમાં આવ્યો.

લાલ ને પીળો મોરલો અજબ રંગીલો;
વર થકી આવે વેલો;
સતી રે સુહાગણ સુંદરી રે;
સૂતો તારો શે'ર જગાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.- મોર, તું તો..

ઇંગલા ને પિંગલા મેરી અરજું કરે છે રે;
હજી રે નાથજી કેમ ના'વ્યો;
કાં તો શામળીયે છેતર્યો ને કાં તો;
ઘર રે ધંધામાં ઘેરાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.- મોર, તું તો..

# લોચનિયે લોભાણી રે માવા તારી મોરલિયે

લોચનીયે લોભાણી રે માવા તારી મોરલીએ ,
જેનો આવ્યો આજો જાણી સરોવર ગઈ તી પાણી,
તેને બોલડીયે બંધાણી રે. લોચનીયે..ટેક

જેણે રસ પીધા જાણી પિયુજીની છે પટરાણી,
ડીક તો ઠેરાણી રે. લોચનીયે...૧

સાંભળોને સૈયર મારી મેરમજીને લીધા માણી,
વાલી લાગે તેની વાણી રે. લોચનીયે...૨

ભીમ ભેટયા ઈ એંધાણી જીવણ જપે જાણી જાણી,
ગરીબી ગવાણી રે. લોચનીયે...૩

અન્ય સંસ્કરણ

"લોચનીયે લોભાણી હું તો તારી વાતડીએ જી
અરેરેરે વેચાણી રે હો માવા
તારી મોરલીરે જી " વિગેરે ..

# વાડી રે વેડીશ મા હો !

વાડી રે વેડીશ મા હો !
મારી રે વાડીના ભમરલા ! વાડી વેડીશ મા !

મારી રે વાડીમાં માનસરોવર
ન્હાજે ધોજે પણ પાણીડાં
ડ્હોળીશ મા. - મારી૦

મારી રે વાડીમાં ચંપો ને મરવો
ફોરમું લેજે પણ કળિયું
તોડીશ મા. - મારી૦

દાસી જીવણ કહે સંતો ભીમ કેરે ચરણે,
સરખાસરખી જોડી રે
તોડીશ મા. - મારી૦

# વારી વારી જાઉં રે

વારી વારી જાઉં રે;
મારા નાથનાં નેણાં ઉપર વારી-ઘોળી જાઉં રે;
વારી વારી જાઉં રે મારા નાથનાં નેણાં ઉપર

ઘેર ગંગા ને ગોમતી મારે, શીદ રેવાજી જાવું રે ?
અડસઠ તીરથ મારા ઘરને આંગણે,
નત તરવેણી ના'વું રે. - વારી૦

શીદને કરું એકાદશી, શીદ ત્રીજે ટંક ખાઉં રે ?
નાથ મારાનાં નેણાં નીરખી,
હું તો પ્રેમનાં ભોજન પાઉં રે. - વારી૦

શામળા-કારણે સેજ બિછવું, પ્રેમથી પાવન થાઉં રે;
નાચું નાચું મારા નાથની આગળ,
વ્રજ થકી બોલાવું રે. - વારી૦

દાસી જીવણ સંત ભીમને ચરણે, હેતે હરિગુણ ગાઉં રે;
સતગુરુને ચરણે જાતાં
પ્રેમે પાવન થાઉં રે. - વારી૦

# વાલા વિના મંદિર ખાવા ધાય

વાલા વિના મંદિર ખાવા ધાય, ધોખા કોના ધરીયે રે,
કોની આગળ જઈ કરગરીયે, કહોને રે કેમ થાય. વાલા

વ્રેહને બાણે મારું મનડું વિંધાણુ, કોઈની આગળ ન કહેવાય,
તમ વિના મારો જીવ બહુ તલખે, ક્ષાણ એક નવ ખમાય. વાલા

નશાય કામણીયા કીધા નંદજીના લાલે રેજડી બુટીેેસે નવ જાય,
મોહુંડો મોહન મારે મોલ પધારે તો, તનડામા ટાઢક થાય. વાલા

સમજાવી કે જો કોઈ શામળા વાલાને, દાસી દુ:ખી બહુ થાય,
તમારા મેણા મારા શિર પર ધરંુ તો, ધોખા કરે મરદાય. વાલા

વ્રજની નારી ગોકુળ ઘેલી કીધી રે, જપતા જંપ નવ થાય,
માતા જશોદા કંુવર કાનને મેલો, નહીતો મરીયે મહા વિખ ખાય. વાલા

ત્રિકમ આવ્યે મારી તરસ ટળે ને, પ્રીતમ પ્રેમરસ પાય,
દાસી જીવણ સત ભીમકા ચરણા, નાથજી વિના ન નભાય. વાલા

# શાને માટે ભજતો નથી

શાને માટે ભજતો નથી, સેજે સીતા રામ,
આરે કાયામા છે, હાડકાને ચામ,
તેમા તુ મોહી રહયો, વિખીયાનુ ઠામ. શાને

ધાઈ ધુતી ધન ભેળુ કીધુ, દાટી બેઠો દામ,
બાપ દાદા ચાલ્યા ગયા, કોઈને ન આવ્યુ કામ. શાને

અહીયા તારો હુકમ ચાલે, પછી થઈશ ગુલામ,
બાજીગરાનો વાંદર સરજીશ, પછી ભરીશ સલામ. શાને

પાપની તે પાળુ બાંધી, પુન્યનુ નહી નામ,
સંતોની સેવા ન કીધી, હૈયે રહેશે હામ. શાને

હેતે પ્રીતે હરિને ભજો, અખંડ આઠો જામ,
દાસી જીવણ ભીમકા ચરણા, નશો એક નામ. શાને

# સાયાંજીને કે'જો રે

સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે,

ઓલ્યા ધુતારાને કે'જો રે, મારા પાતળિયાને કે'જો રે, આટલી મારી વિનતી રે જી,
ઓલ્યા ખેધીલાને કે'જો રે, મારા વાદીલાને કે'જો રે, આટલી મારી વિનતી રે જી,
જઈને કે'જો, આટલો મારો રે સંદેશ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦
દાસી છે તમારી રે, દરશન કારણ દુબળી રે,
ઈ દાસીને દરશન દેજો રે હમેંશ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦
જેને વિતી હોય તે જાણે રે, પરવિતી શું જાણે પ્રીતડી? રે જી,
કુંવારી શું જાણે રે પિયુજી તણો વિજોગ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦
પિયુજીને મળવા રે, ચાલો સખીયું શુનમાં રે જી,
સરવે સાહેલી, પહેરી લેજો ભગવો ભેખ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦
જાળીડાં મેલાવો રે, ગુરુ ગમ જ્ઞાનનાં રે જી,
ઈ જાળીડાં જરણા માંહેલા છે રે જાપ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦
ભીમ ગુરુ શરણે રે, દાસી જીવણ બોલીયા રે જી,
દેજો અમને તમારા રે ચરણોમાં વાસ...

મારા સાયાંજીને કે'જો રે, આટલી મારી વિનતી રે...૦